# મોરની ઈર્ષા

– આશાબહેન એ. શાહ

એક વિશાળ વનમાં મોટેભાગે પક્ષીઓનું સંમેલન મળતું હતું. એ વનનાં જ નહીં પણ દૂરદૂરનાં પક્ષીઓ તેમાં ભાગ લેતાં હતાં. ત્યારે ખૂબ જ આનંદદાયક વાતાવરણ બની જતું. જુદા જુદા પ્રકારના કાર્યક્રમ થતા. કોઈ ગાતું, કોઈ નાચતું તો કોઈ ભાષણ આપતું, કોઈ નાટક કરતું, કોઈ રમતો બતાવતા કોઈ ઊડવાની સ્પર્ધામાં હરીફાઈ કરતા. આમ તો બધાં પક્ષીઓ બહુ જ સુંદર કાર્યક્રમ બતાવતા. પરંતુ ગાવાની હરીફાઈમાં હંમેશાં કોયલ જ જીતતી. નાચવામાં હંમેશાં મોર વિજયી થતો. વ્યાખ્યાનમાં પોપટ જીતી જતો અને નાટક કરવામાં બગલો ઈનામ મેળવતો. દરેક વખતે મોટેભાગે એવું જ બનતું.

મોરને હંમેશાં બે ઈનામ મળે – એક નૃત્ય હરીફાઈમાં અને બીજું સૌંદર્ય હરીફાઈમાં. પણ એટલાથી એને સંતોષ હોતો નથી. તે દેવી સરસ્વતીનું વાહન હતો તેથી તે પોતાને વિશિષ્ટ માનતો હતો. તે ઈચ્છા રાખતો હતો કે પોતાને ઘણાં ઈનામ મળે. દરેક કાર્યક્રમમાં તે જ વિજયી થાય જેનાથી પક્ષીઓ ઉપર એમની ધાક પડી જાય. બીજાં પક્ષીઓના ગુણ તથા સુંદરતા જોઈને તેનું મન ઈર્ષા અને અસંતોષથી ભરાઈ જતું.



બધા મોરે મળીને સલાહ કરી, પછી મોરનો પ્રતિનિધિ સરસ્વતીની પાસે પહોંચ્યો અને તેણે કહ્યું, ‘‘દેવી તમે તો બધું જ કરવાને શક્તિમાન છો. તમે અમને કૃપા કરીને કોયલ જેવો અવાજ આપો, કબૂતર જેવા પગ આપો, નીલકંઠ જેવું ગળું આપો. બીજાં પક્ષીઓ અમારી સાથે હરીફાઈ કરીને જીતી

જાય એ અમારે માટે શરમની વાત છે. તમે અમને એવા બનાવો કે બધાં પક્ષીઓ અમારાથી હારી જાય.''

મોરના પ્રતિનિધિની વાત સાંભળીને સરસ્વતી દેવી હસી પડયાં. તેમણે કહ્યું, ''બાળકો, બીજાના ગુણોની આગળ પોતાના ગુણોને કેમ યાદ નથી કરતા. કોયલ સુંદર ગાય છે તો તમે સરસ નાચો છો. કબૂતરના પગ સુંદર છે તો તમારા પગ પણ સુંદર છે. બીજાઓનું જોઈ ઈર્ષા શા માટે કરો છો ? ઈર્ષા અને અભિમાન બન્ને એવા અવગુણ છે કે જે આપણો વિનાશ કરે છે. તેના કારણે આપણે બીજાનો તિરસ્કાર જ મેળવીએ છીએ. ભગવાને શરીર બનાવ્યું છે તો તમે તમારો સ્વભાવ બનાવી શકો છો. શરીર તો જેવું છે તેવું જ રહેશે, બદલી શકાતું નથી. પરંતુ હા, સ્વભાવ જરૂર બદલી શકાય છે. સારો સ્વભાવ રાખશો અને ગુણવાન બનશો તો તમને બધાનો પ્યાર અને સન્માન મળશે. ખરાબ ગુણો અપનાવશો તો કોઈ તમને પ્યાર નહીં કરે.

મોરનો પ્રતિનિધિ ચૂપચાપ માથું નમાવી સરસ્વતીજીની વાત સાંભળતો રહ્યો.

તેમણે ફરી કહ્યું, ''ગાવાનો ખૂબ જ અભ્યાસ કરો તો જ તમે સરસ ગાઈ શકશો. દેવોના વરદાન પર વિશ્વાસ ન રાખો, પોતે જ મહેનત કરો. દેવો પણ તેની જ મદદ કરે છે જે પોતે પોતાને મદદ કરે છે.''

મોર ત્યાંથી ચૂપચાપ માથું નમાવી પાછો ચાલ્યો આવ્યો. સરસ્વતીજીએ જે કહ્યું હતું તે બધાને કહી સંભળાવ્યું.

પરંતુ મોરે આજ સુધી ગાવાનો અભ્યાસ નથી કર્યો, મહેનતથી ડરનારા તેઓ હજી સુધી ગીત ગાવાનું શીખી શક્યા નથી. જે ફક્ત ભગવાનનું વરદાન ઈચ્છે છે પણ પોતે કંઈ જ શ્રમ કરતા નથી, તેઓ જીવનમાં કંઈ જ મેળવી શકતા નથી.

■